# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી મોદી આજે હાવડા અને ગુવાહાટી વચ્ચે ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે

2) ભાજપ અને શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના ગઠબંધને BMC ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી મેળવી

3) EDએ અલ ફલાહ યુનિવર્સિટીના મેનેજિંગ ટ્રસ્ટી ચાન્સેલર અને અન્ય લોકો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી

4) દિલ્હીમાં ખરાબ હવાની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને ગ્રેડેડ ગ્રેપ રિસ્પોન્સ એક્શન પ્લાન - III તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો

5) મહિલા પ્રીમિયર લીગમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગુજરાત જાયન્ટ્સને 32 રનથી હરાવ્યું

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - VANDE BHARAT SLEEPER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે માલદા ટાઉન રેલ્વે સ્ટેશન પર હાવડા અને ગુવાહાટી (કામખ્યા) વચ્ચે દોડનારી ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ ગુવાહાટી - હાવડા વંદે ભારત સ્લીપરને વર્ચ્યુઅલી લીલી ઝંડી પણ આપશે.

સાંભળીએ એક અહેવાલ

**વોઈસ કાસ્ટ: અજય ઈન્દ્રેકર**

*(પશ્ચિમ બંગાળના માલદામાં પ્રધાનમંત્રી 3 હજાર 250 કરોડથી વધુના અનેક રેલ અને રોડ આંતરમાળખાકીય પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે. તેઓ પશ્ચિમ બંગાળમાં ચાર મુખ્ય રેલ્વે પરિયોજનાનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સ મુસાફરો અને માલગાડી સેવાઓને મજબૂત બનાવશે અને પ્રદેશમાં રોજગારીની તકો ઉભી કરશે.*

*પ્રધાનમંત્રી માલદામાં ચાર નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને વર્ચ્યુઅલી લીલીઝંડી પણ આપશે. સાંજે, શ્રી મોદી આસામના ગુવાહાટીમાં બોડો સમુદાયના સમૃદ્ધ વારસાની ઉજવણી કરતી ઐતિહાસિક સાંસ્કૃતિક કાર્યક્રમ બાગુરુમ્બા દ્વો 2026 માં ભાગ લેશે.*

*શ્રી મોદી આવતીકાલે આસામના કાલિયાબોરમાં 6 હજાર 950 કરોડ રૂપિયાથી વધુના કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પરિયોજનાનો શિલાન્યાસ કરશે. આ પ્રસંગે, શ્રી મોદી ગુવાહાટી અને રોહતક અને ડિબ્રુગઢ અને લખનૌ વચ્ચે દોડતી બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલીઝંડી આપશે.*

*પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના સિંગુરમાં 830 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન, શિલાન્યાસ કરશે. શ્રી મોદી બાલાગઢમાં વિસ્તૃત પોર્ટ ગેટવે સિસ્ટમનો શિલાન્યાસ પણ કરશે. પ્રધાનમંત્રી મોદી કોલકાતાથી અન્ય રાજ્યો સુધીની ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલીઝંડી આપશે.*

*અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# POLAND- DY. PM VISIT

પોલેન્ડના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી, રાડોસ્લોવ સિકોર્સ્કી, આજથી ત્રણ દિવસની ભારત મુલાકાતે આવશે.

આવતીકાલે શ્રી સિકોર્સ્કી રાજસ્થાનના જયપુરમાં જયપુર સાહિત્ય મહોત્સવમાં હાજરી આપવાના છે. જ્યારે, તેમની મુલાકાતના અંતિમ દિવસે, તેઓ નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળશે.

# JAISHANKAR- FELLOWSHIP PROGRAMME

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં આયોજિત છઠ્ઠા વાર્ષિક નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા ફેલોશિપ કાર્યક્રમમાં ભાગ લેનારા 39 દેશોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી.

આ ફેલોશિપનું આયોજન સુષ્મા સ્વરાજ ફોરેન સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે જણાવ્યું કે તેમણે

યુવા સહભાગીઓ સાથે વિશ્વ સામેના વિવિધ સુરક્ષા પડકારોની ચર્ચા કરી હતી અને તેમને સંબોધવા માટે વ્યવહારુ અને રચનાત્મક રાજદ્વારીના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# VAISHNAW- DEEP TECH STARTUP

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ભારતનું ડીપ-ટેક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિસ્તરી રહ્યું છે, જે કેન્દ્રિત નીતિ અને ભંડોળ સહાય દ્વારા સંચાલિત છે.

શ્રી વૈષ્ણવે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, આજે ભારતના 80 ટકા સ્ટાર્ટઅપ્સ એઆઈ-સંચાલિત છે. તેમણે ઉમેર્યું કે, ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ ડિઝાઇન લિંક્ડ ઇન્સેન્ટિવ યોજનાએ અત્યાર સુધીમાં 23 સ્ટાર્ટઅપ્સને ટેકો આપ્યો છે.

તેમણે જણાવ્યું કે, સંસ્થાકીય ભંડોળ માટે, સેમિકોન ઇન્ડિયા 2025માં એક અબજ ડોલરના ઇન્ડિયા ડીપ ટેક એલાયન્સની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે નોંધ્યું કે, 1 લાખ કરોડ રૂપિયાના ભંડોળ સાથે સંશોધન વિકાસ અને નવીનતા ભંડોળ, નવીનતા ક્ષમતાઓને પણ મજબૂત બનાવી રહ્યું છે.

# MAHARASHTRA CIVIC ELECTION RESULTS

ભારતીય જનતા પાર્ટી અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના ગઠબંધને BMC ચૂંટણીમાં 227 માંથી 118 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે ગઈકાલે મધ્યરાત્રિ સુધીમાં 29 મ્યુનિસિપલ

કોર્પોરેશનોમાં 2 હજાર 869 બેઠકોમાંથી 2 હજાર 784 બેઠકોના પરિણામો જાહેર કર્યા.

ભારતીય જનતા પાર્ટી (BJP) 1 હજાર 372 બેઠકો જીતીને એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ NDAની જીત બદલ મહારાષ્ટ્રના લોકોનો આભાર માન્યો છે.

# ED-AL FALAH

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અલ ફલાહ યુનિવર્સિટીના મેનેજિંગ ટ્રસ્ટી અને ચાન્સેલર જવાદ અહમદ સિદ્દીકી અને અન્ય લોકો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી છે. એજન્સીએ જણાવ્યું કે અલ-ફલાહ ચેરિટેબલ ટ્રસ્ટ, અલ-ફલાહ યુનિવર્સિટી અને તેની સંલગ્ન સંસ્થાઓ સાથે જોડાયેલા પ્રોસીડ્સ ઓફ ક્રાઇમ ના કથિત ઉત્પાદન અને લોન્ડરિંગના સંદર્ભમાં આરોપીઓ સામે સક્ષમ PMLA કોર્ટ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

EDએ એક નિવેદનમાં જણાવ્યું કે તેણે હરિયાણા સ્થિત આ જૂથ સાથે જોડાયેલી લગભગ 140 કરોડ રૂપિયાની સંપત્તિ કામચલાઉ રીતે જપ્ત કરી છે.

એજન્સીની તપાસ ગયા વર્ષે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર વિસ્ફોટ બાદ દિલ્હી પોલીસ દ્વારા નોંધાયેલી FIR પર આધારિત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## DELHI GRAP

રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી હવાની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને, ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન - ગ્રેપ III તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે.

હવા ગુણવત્તા સૂચકાંક 354 નોંધાયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો, જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં આવે છે. પ્રતિબંધોમાં માટીકામ, પાયો નાખવા, ખોદકામ અને માર્ગ બાંધકામ પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ શામેલ છે.

દિલ્હીની બહાર નોંધાયેલા BS-4 ડીઝલ સંચાલિત હળવા વાણિજ્યિક વાહનો અને આવશ્યક ચીજવસ્તુઓ વહન કરતા અથવા આવશ્યક સેવાઓ પૂરી પાડતા વાહનો સિવાય કોઈપણ વાહનોને રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશવાની મંજૂરી નથી.

હવા ગુણવત્તા વ્યવસ્થાપન પંચે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ સહિત રાષ્ટ્રીય રાજધાનીની વિવિધ એજન્સીઓ દ્વારા સુનિશ્ચિત કરવા માટે 9-મુદ્દાની કાર્ય યોજના પણ શેર કરી છે.

# MEA- IRAN

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ભારત ઈરાનની વર્તમાન પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત ઈરાનમાં રહેતા તેના નાગરિકોના હિતમાં શક્ય તેટલા બધા પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે જણાવ્યું કે આશરે 9,000 નાગરિકો, જેમાં મોટાભાગે વિદ્યાર્થીઓ છે, હાલમાં ઈરાનમાં રહે છે. ઈરાનમાં તાજેતરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલયે અનેક સલાહ જારી કરી છે, જેમાં ભારતીયોને ઈરાનની મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે અને ઈરાનમાં રહેતા લોકોને પાછા ફરવા વિનંતી કરવામાં આવી છે.

ચાબહાર બંદર અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું કે ગયા વર્ષે 28 ઓક્ટોબરે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરી દ્વારા શરતી પ્રતિબંધો માફી અંગે માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી, જે આ વર્ષે 26 એપ્રિલ સુધી માન્ય છે. તેમણે જણાવ્યું કે ભારત આ વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપવા માટે અમેરિકા સાથે ચર્ચા કરી રહ્યું છે.

# US - VENEZUELA INTERIM GOVT

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે વેનેઝુએલાની વચગાળાની સરકારે અમેરિકાને 520 મિલિયન ડોલરનું 50 મિલિયન બેરલ તેલ આપવાની ઓફર કરી છે.

મીડિયાને સંબોધતા શ્રી ટ્રમ્પે અમેરિકન સૈન્ય દ્વારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ બાદ વેનેઝુએલાના વચગાળાના નેતાઓ સાથે સ્થાપિત સારા સંબંધોની પ્રશંસા કરી. તેઓ વેનેઝુએલાના ક્ષતિગ્રસ્ત તેલ માળખાના સમારકામમાં યુએસ તેલ કંપનીઓનું રોકાણ કરવાની પણ યોજના ધરાવે છે.

## TRUMP GAZA BORDER

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા સંઘર્ષનો અંત લાવવા માટે તેમની 20-મુદ્દાની શાંતિ યોજનાને આગળ વધારી છે. આ અંતર્ગત બીજા તબક્કાનું નેતૃત્વ કરવા માટે નવા રચાયેલા શાંતિ બોર્ડના સભ્યોની જાહેરાત કરી છે.

આ બોર્ડ ગાઝામાં શાસન, પ્રાદેશિક સહયોગ, પુનર્નિર્માણ, રોકાણ, ધિરાણ અને લાંબા ગાળાની સ્થિરતા સંબંધિત પ્રયાસોનું નિરીક્ષણ કરશે. મુખ્ય સભ્યોમાં અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ભૂતપૂર્વ બ્રિટિશ પ્રધાનમંત્રી ટોની બ્લેર, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ, વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા, ટ્રમ્પના નજીકના વિશ્વાસુ જેરેડ કુશનર અને ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઇઝર રોબર્ટ ગેબ્રિયલનો સમાવેશ થાય છે.

## WPL

મહિલા પ્રીમિયર લીગ (WPL) ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ નવી મુંબઈમાં ડો. ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે ગુજરાત જાયન્ટ્સને 32 રનથી હરાવ્યું.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના 183 રનના લક્ષ્યનો પીછો કરતા, ગુજરાત જાયન્ટ્સ 18.5 ઓવરમાં 150 રન બનાવી ઓલ આઉટ થયું. ગુજરાત જાયન્ટ્સ તરફથી ભારતી ફુલમાલીએ સૌથી વધુ 39 રન બનાવ્યા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી શ્રેયંકા પાટીલે 5 વિકેટ ઝડપી.

આ પહેલા, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 182 રન બનાવ્યા, જેમાં રાધા યાદવે 47 બોલમાં સૌથી વધુ 66 રન બનાવ્યા. ગુજરાત જાયન્ટ્સ તરફથી, સોફી ડિવાઈને 3 વિકેટ અને કાશ્વી ગૌતમે 2 વિકેટ લીધી. રાધા યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

આજે રમાનારી બે મેચ પૈકી, પહેલી મેચમાં, યુપી વોરિયર્સ નવી મુંબઈમાં ડૉ. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ બપોરે 3:00 વાગ્યે શરૂ થશે.

બીજી મેચમાં, દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે તે જ સ્થળે થશે. મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# UTTRADH MAHOTSAV

ગુજરાતનાં મહેસાણામાં વિશ્વ વિખ્યાત ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં આજથી બે દિવસિય ઉત્તરાર્ધ મહોત્સવ-2026નું આયોજન કરવામાં આવ્યું છે. શાસ્ત્રીય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરતા આ દ્વિદિવસીય મહોત્સવમાં વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય નૃત્ય કલાકારો પોતાની નૃત્ય પ્રસ્તુતિ કરશે.

સાંભળીએ એક અહેવાલ....

વોઇસ કાસ્ટ: હિના મોદી

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ભાજપના વિજયના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – મહારાષ્ટ્રની સ્થાનિક ચૂંટણીમાં ભાજપ જ ભાજપ
- ગુજરાત સમચાર લખે છે – આમચી મુંબઈ ભાજપના હાથમાં:ઠાકરે બેકફૂટ પર
- સંદેશે મનપા અને નગરપાલિકામાં પ્લાસ્ટિક ફ્રી માર્કેટ જાહેર કરો:ગુજરાત હાઇકોર્ટ આ સમાચારને સ્થાનિક પાને આવરી લીધા છે